**Divyabhaskar (Suppl.: Citybhaskar)**

EDII

June 10, 2020
Pg. No. 7

EDIIના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું

# જરૂરિયાત આધારિત ઉદ્યોગ સાહસિકતામાં ભારત અગ્રેસર

## EDII-IIM રાંચી દ્વારા 'આંત્રપ્રિન્યોરશીપ ફોર ન્યુ ઈન્ડિયા' પર વેબિનાર

સિટી રિપોર્ટર . અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) અમદાવાદ અને આઈઆઈએમ-રાંચીએ 'આંત્રપ્રિન્યોરશિપ ફોર ન્યુ ઈન્ડિયા'વિષય ઉપર વેબિનાર યોજ્યો હતો. ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ વેબિનારમાં સ્પીચ આપતા કહ્યું કે, 'ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ મોનિટર વર્ષ 2019-20ના અહેવાલ મુજબ જરૂરિયાત આધારિત ઉદ્યોગસાહસિકતામાં ભારત અગ્રેસર છે. જોકે, અમારું માનવું છે કે કોવિડ-19 કટોકટીમાં ભારત ઈનોવેશન પ્રેરિત ઉદ્યોગસાહસિકતાની દિશામાં આગળ વધ્યું છે, જેમાં ઘણાં ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટ-અપ્સ નવીન પ્રોડક્ટ્સ અને સેવાઓ સાથે આગળ આવ્યાં છે.